# મોડાસામાં દેશનો પ્રથમ એક્યુપ્રેશર પાર્ક આરંભાશે

## પાર્કમાં વિવિધ પ્રકારના આકર્ષણો ઉભા કરવામાં આવ્યા છે

મોડાસા, તા. ૨૬

ઉત્તર ગુજરાતના મોડાસા શહેરમાં આગામી ૨જી નવેમ્બરના રોજ ભારતના પ્રથમ એક્યુપ્રેશર ગાર્ડને ખુલ્લો મુકવામાં આવશે. જેમાં વિવિધ પ્રકારના આકર્ષણ ઉભા કરવામાં આવ્યા છે.

ઉત્તર ગુજરાતના અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર અને નગરપાલિકાના સહયોગથી ભારતના સૌ એક્યુપ્રેશર ગાર્ડનનું નિર્માણ કરવામાં આવ્યું છે. આગામી ૨જી નવેમ્બરના રોજ આ ગાર્ડનને ખુલ્લો મુકવામાં આવશે. આ એક્યુપ્રેશર પાર્કમાં વિવિધ ત્રણ પ્રકારના એક્યુપ્રેશર પાર્કનું આકર્ષણ ઉભુ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત નવ ગ્રહ વાટિકામાં ત્રિવેણી, હરિશંકરી વગેરે દુર્લભવૃક્ષો ગંગા નદીના કિનારે ઉભા કરવામાં આવશે. ઉપરાંત વિશાળ મશાલ પણ બનાવવામાં આવી છે. આ એક્યુપ્રેશર પાર્કનો નાગરિકો લાભ લઈ શકશે અને પાર્કમાં ચાલવાથી તંદુરસ્ત સ્વાસ્થ્ય પ્રાપ્ત કરી શકશે.

## પ્રાંતિજમાં આતશબાજી સાથે નવા વર્ષનો પ્રારંભ

પ્રાંતિજ, તા.૨૬

પ્રાંતિજ તાલુકામાં નગરજનોએ વિક્રમ સવંત ૨૦૭૧ ને ઝગમગાટ રોશની અને આતશબાજીથી આવકારી એક બીજાને ભેટી નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.

પ્રાંતિજમાં વહેલી સવારથી જ નગરજનો મંદિરે પહોંચી ભગવાનના દર્શન કરી નવા વર્ષની શરૂઆત કરી હતી. રામ રામ, હેપ્પીન્યૂયર, સાલમુબારક જેવા ભાવ શબ્દ પ્રયોગથી માનવપ્રેમની મિશાલ સાથે માનવ સાંકળ જેવા દશ્યો બેસતા વરસે જોવા મળ્યા હતા. યુવાનો અને સ્વાધ્યાય પરિવાર દ્વારા ઘરે-ઘરે ભાવ ફેરી મિલન આત્મીયતા કાર્યક્રમો થકી માનવના પ્રભુપ્રેમ સાથેના પ્રસંગોની ઝાંખી કરાવી હતી.

## મજરાના સિકોતર માતાજીના મંદિરે સદાવ્રતનો શુભારંભ

પ્રાંતિજ, તા. ૨૬

પ્રાંતિજના મજરા ગામે સ્થિત પૌરાણિક વહાણવટી સિકોતર માતા મંદિરે શ્રદ્ધાળુઓ માટે સદાવ્રતનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

મજરાના માઈ સેવક લાલુભાઈ અરજણભાઈ દેસાઈ દ્વારા આજે આ વહાણવટી મંદિરમાં સદાવ્રતનો શુભારંભ કરવામાં આવ્યો છે. જ્યાં દર પૂનમે હજારો ભાવિકો લાભ લેવા ઉમટે છે. જેમની માટે પાકુ ભોજન આપી શકાય તે માટે આ સદાવ્રતની શરૂઆત કરવામાં આવી છે.

## સ્વામિનારાયણ ગાદી સંસ્થાન ખાતે શારદાપૂજન

અમદાવાદ, તા.૨૬

અમદાવાદના મણીનગરમાં આવેલ શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન ખાતે આચાર્ય પુરુષોત્તમ પ્રિયદાસજી સ્વામીની અધ્યક્ષતામાં શારદા પૂજન યોજવામાં આવ્યું હતું. જેમાં નવ વર્ષના ચોપડાનું પૂજન કરાયું હતું. આ શારદાપૂજન દ્વારા જુના અહંકારને તિલાંજલી આપી પરસ્પર પ્રેમ અને મૈત્રી વધારવામાં આવે તો ચોપડાપૂજન લેખે લાગે અને જમા પાસુ વધતુ જાય તેવા શુભાષયથી આ પૂજન કરાયું હતું.



અમદાવાદના મણીનગર ખાતે આવેલ સ્વામિનારાયણ ગાદી સંસ્થાન ખાતે ૨૩૧ વાનગીઓનો અન્નકૂટનો ભોગ ધરાવાયો હતો. આ અન્નકૂટ ઉત્સવના દર્શનમાં ગાદી સંસ્થાનના આચાર્ય પુરુષોત્તમ પ્રિયદાસજી સ્વામીએ આરતી ઉતારી હતી.

## એએમટીએસ બસ ચોરી કરનાર શખ્સની ધરપકડ

અમદાવાદ, તા.૨૬

પોલીસે એક મોટી સફળતા મેળવીને એએમટીએસ બસની ચોરી કરનાર આરોપીને બસ સાથે જ પકડી પાડવામાં સફળતા મેળવી છે. ચાંદખેડા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે જ ચાંદખેડાથી ઝુંડાલ હાઈવે તરફ જવાના રોડ ઉપર સત્યમેવ હોસ્પિટલ પાસે અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસની બસ નજરે પડી હતી. રૂટ નંબર ૮૨ લાલદરવાજાથી ગાયત્રી વિદ્યાલયની આ બસ હતી પરંતુ કલોલ મહેસાણા તરફ આ બસ જઈ રહી હતી જેથી પોલીસ અધિકારીઓને શંકા ગઈ હતી. આ બસ મહેસાણા તરફ જતાં અધિકારીઓને શંકા ગઈ હતી જેથી બસનો પીછો કરવામાં આવ્યો હતો. બસના ચાલકને ઓવરટેક કરીને બસ ઉભી રાખવા ઈશારો કરવામાં આવ્યો હતો જેથી બસને ઉભી રાખવામાં આવી હતી. બસને મહેસાણા તરફ લઈ જવા માટે કારણ પુછવામાં આવતા કોઈ સંતોષજનક જવાબ મળ્યા ન હતા જેથી બે પંચ બોલાવીને પંચમાં રહેવાનું કહેવામાં આવ્યું હતું.



ગ્રામીણ પરંપરા - ભારતીય સંસ્કૃતિ આજે પણ ગામડાઓમાં અકબંધ છે... દિવાળીના પર્વોમાં મશાલના પ્રતિકરૂપ પ્રકાશ પ્રસરાવવાની ગ્રામીણ પરંપરા સૌનો સાથ સૌનો વિકાસ એ મંત્ર સાથે યથાવત છે... નાના-નાના બાળકો અને કિશોરો મશાલના સ્વરૂપે શેરડીના સાઠામાં માટીના કંપથી બનાવેલી મશાલમાં જ્યોત બનાવી ઘરે-ઘરેથી તેલ પુરાવાની અર્થાત સહયોગ માગવાની એક અનોખી શૈલી નિર્માણ થઈ છે... કાગ માગણીમાં તેલ પુરાવોના કાલાઘેલા શબ્દો સાથે સૌનો સાથ લઈ પ્રકાશ પ્રસરાવવાનો આ અનોખો સંદેશ આપતી ગ્રામીણ સંસ્કૃતિના સીધા દર્શન આપતી ઉત્તર ગુજરાતના ગામડાઓમાં અનુભવાય છે. પ્રાંતિજની આ તસવીર ઉત્તર ગુજરાત અને ગુજરાતના ગ્રામીણ વિસ્તારની પરંપરાઓનું પ્રતિબિંબ પાડે છે... (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## ડીસામાં વેકેશનનો લાભ લેતા તસ્કરો

### સાત જગ્યાએ ચોરી : રૂ. ૯૪,૦૦૦ ના મુદ્દામાલની ચોરી

ડીસા, તા. ૨૬

ડીસા શહેરમાં તહેવારો ટાળએ વેકેશન માણવા ગયેલા મકાન માલિકોની ગેરહાજરીનો લાભ લઈ ત્રાટકેલા તસ્કરોએ અલગ અલગ જગ્યાએ સાત મકાનોને ટાર્ગેટ બનાવી રૂ. ૯૪,૦૦૦ ઉપરાંતની ચોરી કરી હોવાનું બહાર આવતા ચકચાર મચી જવા પામી છે.

ડીસા શહેરમાં નોકરીયાત વેપારી વર્ગ વેકેશન માણવા અને દિવાળી બેસતા વર્ષ નિમિત્તે સંબંધીઓને મળળવા ગયેલ સેવાનો લાભ લઈ અજાણ્યા શખ્સોએ શહેરમાં તરખાટ મચાવી દીધો છે. જેમાં શહેરના જેઠાજી પાર્કમાં રહેતા રામચંદભાઈ હરગોવિંદદાસ પટેલ અમદાવાદ ખાતે તેમના ભાઈના ઘેર મળવા ગયા હતા ત્યારે ત્રાટકેલા તસ્કરોએ રૂ. ૫૦૦૦ રોકડ એ સોનાની એક વિંટી કિ. રૂ. ૫૦૦૦ મળી કુલ રૂ. ૧૦ હજારની ચોરી કરી ફરાર થઈ ગયા હતા જ્યારે એમ કે. પાર્કમાં અને હાલ અમદાવાદ ગયેલા પંકજભાઈ હરગોવનદાસ પટેલના મકાનમાં પણ ચોરીનો પ્રયાસ થયો હતો. જ્યારે જેઠાજી પાર્કમાં મણીલાલ જેષરૂપજી માળી ચાંદીના સિક્કા નંગ-૨, ચાંદીની લક્કી નંગ-૧ કિ. રૂ. ૫૦૦, ચાર આની સોનાનો ઓમ કિ. રૂ. ૧૫૦૦, બાર જોડી કપડા કિ. લરૂ. ૩૦૦૦, ત્રણ બેગ કિ. રૂ. ૫૦૦૦ અને ૫૦૦૦ રોકડ મળી કુલ રૂ. ૩૭,૦૦૦ ની ચોરી કરી હતી. જ્યારે માલગઢ હાઈસ્કૂલમાં આચાર્ય તરીકે નોકરી કરતા ભરતભાઈ પ્રજાપતિ વતન ખેડબ્રહ્મા ખાતે ગયેલ હોઈ તસ્કરોએ આ બંધ મકાનમાં ચોરીનો પ્રયાસ કર્યો હતો. જેઠાભાઈ પાર્કમાં રહેતા નારણભાઈ રામજીભાઈ દેસાઈ દિવાળીના પ્રસંગે પોતાના વતન વાઈયાડા ગામે ગયા હતા ત્યારે અજાણ્યા ઈસમોએ મકાનના લાકડાના દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશ કરી દોઢ તોલા સોનાની ચેઈન રૂ. ૩૫૦૦૦, આઠ આની સોનાની વિંટી નંગ-૧ કિ. રૂ. ૮,૦૦૦, રૂ. ૧૧૦૦ રોકડા મળી કુલ રૂ. ૪૧,૧૦૦ ની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આજ વિસ્તારમાં રહેતા મૂળ રાજસ્થાનના મોરબીના કૌશલભાઈ દામજીભાઈ પટેલના મકાનનુંપણ તાળુ તુટેલુ જણાયુ હતુ પરંતુ કોઈ ચોરી થવા પામી નહોતી જ્યારે મુળ માલગઢ મોટી ઢાણીના વતની અર્જુનભાઈ ગંગારામ માળીના મકાનનું તાળુ તોડી તસ્કરોએ ચોરીનો પ્રયાસ કર્યો હતો જો કે સાત જગ્યાએ ચોરીના પ્રયાસમાં માત્ર બે જગ્યાએ તસ્કરોનો ફેરો સફળ રહેવા પામ્યો હતો.

## ખાનગી બસો સક્રિય થતા એસટીને ભારે નુકસાન

### ખાનગી ઓપરેટરો દ્વારા જંગી નાણા લેવાયા : તહેવાર દરમિયાન એસટીની ભારે અનિયમિતતાના કારણે કંટાળી બસ મુસાફરોએ ખાનગી બસોમાં મુસાફરી કરી

અમદાવાદ, તા.૨૬

રાજ્ય પરિવાર નિગમની સેવા શહેરો અને અંતરિયાળ ગામડા સુધી વિસ્તરી હોવા છતાં નિગમ ખોટ ખાઈ રહ્યુ છે જેનો વધુ એક દાખલો દિવાળીના તહેવારો દરમિયાન જોવા મળ્યો છે. દિવાળીના તહેવારો દરમિયાન એસટીની કથળી રહેલી સેવાના કારણે મુસાફરો હેરાન થઈ રહ્યા હતા. બસોની અનિયમિતતા અને આડેધડ રદ કરવામાં આવતા રૂટોને કારણે મુસાફરોએ નાછુટકે ખાનગી વાહનોનો ઉપયોગ કરવાની ફરજ પડી રહી છે. મુસાફરોની આ જ મુશ્કેલીનો ફાયદો કેટલાક ખાનગી ટ્રાન્સપોટરો નિયમો નેવે મુકીને ઉઠાવી રહ્યા છે. એસટી બસની સમાનંતર રૂટ શરૂ કરીને આ લોકો મુસાફરો પાસેથી વધુ ભાડા વસુલવા ઉપરાંત એસટીને આર્થિક નુકસાન પણ પહોંચાડી રહ્યા છે.

એસટી તંત્રની સેવા છેલ્લા થોડાક સમયથી બગડી રહી છે. એક તો ખખડધજ બસો, ફાટેલી તૂટેલી સીટો અને તેમાંય બસોની અનિયમિતતા. આ તમામ કારણોસર મુસાફરો હવે એસટી બસની જગ્યાએ ખાનગી વાહનોમાં મુસાફરી કરતા જોવા મળે છે. એસટી બસ કરતા ઝડપી પ્રવાસ કરાવતા ખાનગી વાહનોમાં અત્યારે પ્રવાસીઓની સંખ્યા વધી રહી છે. મુસાફરોની આ વાતને ધ્યાનમાં રાખીને કેટલાક ખાનગી ટ્રાવેલ્સ સંચાલકો દ્વારા એસટીના રૂટને સમાંતર બસ દોડાવવામાં આવી રહી છે. નિયમોને નેવે મુકીને ઉત્તરગુજરાત અને મધ્ય ગુજરાતની અનેક ટ્રાવેલ્સ કંપનીઓ અમદાવાદ અને છેક વડોદરા સુધી ખાનગી બસો દોડાવે છે. મોટી સંખ્યામાં મુસાફરો આ ખાનગી બસોમાં મુસાફરી પણ કરે છે. જો કે માર્ગ પરથી ગમે ત્યાં મુસફરોને બેસાડતી, વર્ધીઓ મારતી અને એસટીની આવકને નુકસાન પહોંચાડતી આ ખાનગી બસો તંત્રની જાણવા ન આવી હોવાની વાત આશ્ચર્યજનક છે. અનેક પ્રાઈવેટ કંપનીઓ દ્વારા એસટીના રૂટની જાણકારી મેળવવી, તેના સમાંતરે બસના ટાઈમ પહેલા ખાનગી બસો દોડાવાય છે. રોજ બરોજ મોટી સંખ્યામાં મુસાફરો આ ખાનગી બસોમાં મુસાફરી કરતા હોઈ એસટી નિગમને વ્યાપક આર્થિક નુકસાન થઈ રહ્યુ છે. આ ખાનગી બસો જ્યાંથી મુસાફરો ભરે છે કે ઉભા રહેતા ટ્રાફિક પોલીસના જવાનો દ્વારા પણ હપ્તા લઈ વાહનો વિરુદ્ધ કોઈ કાર્યવાહી કરતા નથી. મુસાફરો પણ સમય અને સગવડને ધ્યાનમાં રાખી ખાનગી બસોમાં વધુ ભાડુ ખર્ચીને પણ પ્રવાસ કરે છે.

## ડાગરવા-ડાભી ખાતે શિવમહાપુરાણ કથા યોજાશે

### કનૈયાલાલ શાસ્ત્રીજી મહારાજની વ્યાસપીઠે શિવમહાપુરાણ કથા

ગાંધીનગર, તા. ૨૬

ઉત્તર ગુજરાતમાં આવેલ ડાંગરવા(ડાભી) ખાતે કનૈયાલાલ શાસ્ત્રીજી મહારાજની વ્યાસપીઠે શિવમહાપુરાણ કથા યોજવામાં આવશે. કથા તા. ૨૮મી ઓક્ટોબરથી તા. ૫ નવેમ્બર સુધી શ્રી મસિયા મહાદેવના સાનિધ્યમાં યોજાશે.

વિશ્વ કલ્યાણ અને પૂર્વજોના મોક્ષાર્થે સ્વ. મનુજી પોપટજી ડાભી પરિવારના મુખ્ય યજમાન પદે ડાંગરવા (ડાભી) ખાતે શિવ મહાપુરાણ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. કથા તા. ૨૮ મી ઓક્ટોબરથી તા. ૫ નવેમ્બર દરમિયાન બપોરે ૧ થી ૫ કલાક સુધી કનૈયાલાલ શાસ્ત્રીની વ્યાસપીઠે યોજાશે.

શિવ મહાપુરાણ કથાની પોથીયાત્રા તા. ૨૮ ઓક્ટોબરના રોજ સ્વ. મનુજી ડાભીના નિવાસસ્થાનેથી નિકળી શ્રી મસિયા મહાદેવના મંદિર ખાતે પહોંચશે. કથામાં સ્વામી માધવ પ્રિયદાસજી શ્રી સ્વામિનારાયણ ધામ સિદ્ધપુરના હસ્તે દિપ પ્રાગટ્ય કરી કથાનો આરંભ કરાવશે. કથામાં ૧,૨૫,૦૦૦ પાર્થિવ લીંગના દર્શન થઈ શકશે.

## નનાનપુરના તળાવોમાં નર્મદાના નીર નાખવા માંગ

પ્રાંતિજ, તા.૨૬

પ્રાંતિજ તાલુકાના તળાવોમાં નર્મદા યોજનાનું પાણી નાખી સિંચાઈમાં મદદરૂપ બનવાની તંત્રની વાતોના વાયદા લંબાતા નનાનપુર સરપંચે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરતા તંત્ર દોડતું થયું છે.

પ્રાંતિજ તાલુકાના નનાનપુરના નવા-જૂના વિશાળ તળાવોમાં આંધીલા તળાવના વાલ્વથી લાઈન દ્વારા વાલ્વ અંગેની માંગણી નનાનપુરના સરપંચ પી.બી. વણકરે એક વર્ષ અગાઉ થી કરી હતી. વારંવાર તંત્રને રૂબરૂ મળી માંગણી કરવા છતાં પણ નર્મદા સિંચાઈ વિભાગ તેમજ તલોદ ઓફિસથી યોગ્ય કાર્યવાહી નહી થતા આ સંદર્ભે વિકાસસમિતિ અને સરપંચ પૂંજાભાઈ વણકરે સિચાઈ મંત્રીને ધ્યાન દોરતા તંત્રના અધિકારીઓ દોડતા થઈ ગયા હતા. પરંતુ નર્મદાના નીરથી તળાવો ભરવા ની વાતો ભ્રામક સાચી પડે છે તે અંગે ગ્રામજનો દ્વિધામાં છે તો બીજી બાજુ ગામના જ તળાવમાં નર્મદાનો વાલ્વ હોવા છતાં ગામને લાભ આપવાના તંત્ર ના ઠાગાઠૈયાની નીતિરીતિની ગ્રામજનો ઝાટકણી કાઢી રહ્યા છે. જયારે તળાવો ઝડપથી ભરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## નિયત અવાજથી વધુ અવાજના ફટાકડા મોડી રાત સુધી ફુટ્યા

### ધારાધોરણનો ખુલ્લીરીતે ભંગ કરવામાં આવ્યો : મોડી રાત સુધી આતશબાજીને રોકવાના પગલા નિષ્ફળ

અમદાવાદ, તા.૨૬

રાજ્યસહિત શહેરના નાગરિકોએ દિવાળી પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી કરી હતી નવા વર્ષની પણ શાનદારરીતે ઉજવણી કરવામાં આવી હતી. જો કે, દર વર્ષની જેમ જ આ વર્ષે પણ શહેર પોલીસના જાહેરનામાનો બિન્દાસ્ત ઉલ્લંઘન કરવામાં આવ્યો હતો. લોકોએ આકાશમાં મોડી રાત સુધી ફટાકડાની આતશબાજી કરી હતી. શહેર પોલીસે નાગરિકોની મોડી રાત સુધી આતશબાજી રોકવા અને નિયત અવાજથી વધુ અવાજ કરતા ફટાકડા ન ફોડવા અંગે જાહેરનામુ બહાર પાડ્યુ હતુ. જેનું



દિવાળી દરમિયાન લોકોએ બિન્દાસ્ત ઉલ્લંઘન કર્યું. શહેર પોલીસે દિવાળી દરમ્યાન ધ્વની પ્રદૂષણ ફેલાતું હોવાની નિયત માત્રાથી વધુ અવાજ કરતા ફટાકડા ફોડવા અંગે જાહેરનામુ બહાર પાડ્યુ હતુ. કેમ કે નિયત અવાજથી વધુ અવાજ કરતા ફટાકડા ફોડ્યા પણ અનહાઈટેક પોલીસતંત્ર કોઈ કાર્યવાહી કરી શક્યુ નહીં. પોલીસ પાસે વધુ અવાજ કરતા ફટાકડાની અવાજની માત્રા નક્કી કરવા પુરતા સાધન દેખાયા ન હતા. દર વર્ષની જેમ જ આ વર્ષે પણ વધુ અવાજ કરતા ફટાકડાઓ ફોડતા નજરે પડ્યા હતા. સૂતળી બોંબ ફોડતા પણ લોકો નજરે પડ્યા હતા.

શહેરીજનો મોડી રાત સુધી વધુ અવાજ કરતા ફટાકડા ફોડતા રહ્યા અને પોલીસ મૂક પ્રેક્ષક બની જોતી રહી. શહેરના કુબેરનગર, મેઘાણીનગર, સરદારનગર, નરોડા, કૃષ્ણનગર જેવા વિસ્તારોમાં તો મધ્યરાત્રી સુધી ફટાકડા ફૂટતા રહ્યા. સુત્રોની માહિતી અનુસાર જો પોલીસે ધ્વનિ પ્રદૂષણને રોકવું હતુ તો તેઓએ વધુ અવાજની માત્રાવાળા ફટાકડા ઉત્પાદન કરતા સામે પગલા લેવાની જરૂર હતી. પણ પોલીસ આવા કરવામાં નિષ્ફળ નિવડી હતી.

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૯૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦